# માધવ કામકુન્ડલા નાટકનાં ગાયનો.



વાંકાનેર વિદ્યા વર્ધક નાટક મંડળીને માટે

રચી પ્રસિદ્ધ કરનાર.

નથુરામ સુંદરજી શુકલ.

વાંકાનેર નિવાસી.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ

સીવીલ હોસ્પીતાલને સામે શેઠ પાનાભાઈની
વાડીના મકાનમાં "વિશ્વેશ્વર પ્રેસમાં
ઈશ્વરદાસ જેકણદાસે છાપ્યા.



ઈ. સ. ૧૮૯૬ સંવત ૧૯૫૩

કિંમત બે આના.

# માધવ કામકુન્ડલા નાટકનો

# ટુંક સાર

## અંક ૧ લો.

વિક્રમના પરાક્રમ જેમાં વર્ણવેલ છે એવી બત્રીશ પુતળીની વાર્તામાંની આ પણ એક છે. માધવાનળ એ નામની વાર્તાપર કલ્પના ઉપદ્યારથી ઇમારત ચણી છે. આરંભમાં નાટયશાસ્ત્રના નિયમને અનુસરી પ્રસ્તાવના કરી છે, નાટકનું નામ સુચન કરવા નટિનો કોપ કરાવ્યો છે. પછી સૂત્રધાર તથા નટિ પાત્ર પ્રવેશ (આમુખ) કરાવીને ચાલ્યા જાય છે અને નાયક માધવનો મિત્ર મયંક તથા મલિન્દ પ્રવેશ કરે છે. આ પ્રવેશમાં હાસ્યરસ વિશેષ છે મયંક આ નાયકનો વિદુષક (કામ સહાયક) છે અને સુખ દુઃખમાં દ્રઢતાથી વળગી રહેનાર છે. કામ સ્વરૂપ માધવ મયંકનો મિત્ર છે તે એક આશ્ચર્ય છે. એવી તથા લાડુના મહત્વ વિષેની કેટલીક વિનોદ વાત થયા પછી બન્ને ચાલ્યા જાય છે. પછી નાટકનો નાયક માધવ પ્રવેશ કરે છે સ્થળ તળાવ કિનારો છે જેની રમણિયતાનું વર્ણન કરી માધવ ગાયન ગાવામાં મસ્ત બને છે. તે પ્રમાણે તે ગાય છે ત્યાં નગરની સ્ત્રીઓ પાણી ભરવા આવે છે જે તેના રૂપ તથા ગાયનથી કામાંધ બની વિવેક તજી વિષય સુખ

માટે માધવને વિનવે છે આથી માધવ ઘણો ગભરાય છે અને સ્ત્રીઓને કુળધર્મ જાળવવા કહે છે પણ સ્ત્રીઓ હઠ કરી તેને ઘેરે છે ત્યાં મયંક આવી પહોંચે છે તથા બન્નેજણા નાશીને દૂર પાદરમાં ભાગી જાય છે,

સ્ત્રીઓને મોહ કરવાના મંત્ર સંબંધી ચરચા થાય છે તેમાં પરિપકવ વિદ્યા એજ મોહની મંત્ર છે એમ માધવ કહે છે જેનો અર્થ ન સમજવાથી મયંક પોતાની વિદ્યાને પરિપકવ કરવા ખડનો પૂળો છાતી પર રાખે છે કારણકે કાચાં ફળો ખડમાં રાખવાથી પાકે છે તેમ મયંક કરે છે. હાસ્ય રસનો ખરો નમુનો આ છે એટલામાં કાન્તી તથા શાન્તી નામની બે સખી પ્રવેશ કરે છે તેઓ એકજ સ્થળે પરણવાથી સુખ થશે એમ વિનોદ વાર્તા કરતી કોને પરણવું અને કઇ જગોએ વિગેરે દ્રઢ કરતાં માધવનું મોહક સ્વરૂપ માધવનુંજ નામ અપાવે છે અને તેઓ શેખસલ્લી પેઠે બેસ ભાગોળે ને ઘેર ઝરડકા જેમ વઢવા માંડે છે. એક બીજી પોત પોતાને ઘેર વધારે દિવસ રોકવા તથા વધારે પ્રિતિ બતાવવા વઢવા લાગે છે. હાસ્યનો અનુભવ આંહી થાય છે વઢવાડ બંધ પાડવા મયંક વચમાં પડી તેમનું સમાધાન કરે છે એક માધવને પરણે અને બીજી મને આમ અભિપ્રાય આપતાં કેટલુંક હાસ્ય કરે છે એટલામાં માધવ મયંકને ભુલાવો ખવરાવી નાશી જાય છે અને રાજમાર્ગના દેખાવ વખતે પ્રવેશ કરે છે. રાત્રે સહુ લોક સુતાં છે તે વખતે પોતે રઝળતો રસળતો ચાલ્યો જાય છે વાંસે મયંક આવી પહોંચે છે બન્ને વિનોદ વાર્તા કરતા ચાલ્યા જાયછે રસ્તે જતાં મયંક ઘરે જાય છે અને માધવ પોતાની પ્યારી વીણા લઇને મા

વા માંડે છે વિણા નાદ થતાંજ ગોપી જેમ સ્ત્રીઓ દોડી આવેછે. પોતાના પતી, ભાઇ, બાપ વિગેરેનો વિનય તજી કામાંધ બનાં સ્ત્રીઓ માધવ પાછળ દોડે છે જેમ શંકર પાછળ રૂષિ પત્નિઓ દોડી હતી અને શંકર શ્રાપિત થયા હતા તેમ માધવની અવદશા નો ઉદય આંહીંથી થાય છે. માધવ કૃષ્ણની જેમ કૂળ ધર્મ કહીં બતાવે છે. પણ દ્રઢ પ્રેમ વાળાં સ્ત્રીઓ ચુકતી નથી અને માધવ પાછળ ગાંડી બની દોડે છે જેથી તેના પુરૂષો વિગેરે તેને ક્રોધે ખરાબ ઠપકો આપી પાછી વાળવા યત્ન કરે છે પણ ફોકટ. જેથી કંટાળી બધા ભેગા થઇ નગર શેઠ પાસે જાય છે. નગરશેઠ પોતા ના દીકરાની વહુનું શિમંત ખર્ચ કરી થાકયા પાકયા સૂતેલ છે. ત્યાં સૌ પહોંચે છે. ભૈયો તેમને રોકે છે. તેની સાથે વાત ચિત કરતાં શોર બકોર કરી મેલે છે. શેઠ જાગી ઉઠે છે અને વાત ચિત કરતાં સૌ સવારે રાજા પાસે ફરિયાદ કરવા જવા નિશ્ચય કરે છે અને સૌ ચાલ્યા જાય છે સવારમાં રાજમાર્ગમાં નગરશેઠ સૌ જાતના પટેલને ભેગા કરે છે અને રાજા પાસે જઇ દ્રઢ નિશ્ચયથી માધવને કાઢવાનું કહેવા કબુલત લે છે અને સૌ પછી કચેરી તરફ વળે છે. કચેરીમાં ગોવિંદચંદ્ર રાજા માધવ સાહિતાચાર્ય સાથે સંગિત વિનોદમાં મગ્ન બેઠો છે માધવ કવિતા બનાવી વિણાથી ગાય છે. રાજા ગુણજ્ઞ હોવાથી આનંદ અનુભવે છે એટલામાં માજન આવ્યાના ખબર મળે છે રાજા આશ્ચર્ય પામીને પ્રજા મંડળને બોલાવે છે અને દુઃખ નિવેદન કરવા આજ્ઞા કરે છે માજન પોતાનું દુઃખ કહી બતાવે છે. જેમાં માધવ નિર્દોષ છતાં માધવને કાઢવા આગ્રહ કરે છે કારણ તે વિના સ્ત્રીઓ શાંત થવાની નથી જેથી ગોવિંદ

ચંદ્રને માધવને તજવાની જરૂર પડે છે. કારણ સર્વ નાશ થાય ત્યારે એકને તજવો એ નીતિ વાકય છે. જેથી લાચાર બની લણ પાનનુ બીડું માધવને આપે છે અને માધવ પણ તેનો હેતુ સમજી પ્રણામ કરી ચાલી નીકળે છે. અહીં એક અંક સમાપ્ત થાય છે.

## અંક ૨ જો.

બીજા અંકમાં અનંતપુરના બાગમાં પ્રવેશ કરે છે પોતાના દુ:ખ ગાતાં શાંત્વન માટે સંગિતને સંભારે છે પછી સુંદર ઉપવનનું વર્ણન સારી રીતે કરે છે એટલામાં મયંક આવી પહોંચે છે માધવ તેને ઘરે જવા આગ્રહ કરે છે પણ ખરો મિત્રતા ધરાવનાર મયંક પોતાને માથે કુમિત્રતાનું કલંક લાગવા દેતો નથી. આંહી કુમિત્ર તથા સુમિત્રનો ચિતાર આપેલ છે જે વિચારવા લાયક છે. ત્યાંથી તેઓ ગામ તરફ ચાલે છે મયંક મોદક ભક્ત હોઇ મોદક પ્રસંશા તથા મોદક વિનાની માઠી દશાનું વર્ણન જ્યાં ત્યાં કર્યે જાય છે ચાલતાં ચાલતાં અનંતપુરનિ બજારમાં આવે છે ભુખનો માર્યો મયંક જમવા જવા આતુર થએલો છે ત્યાં બ્રાહ્મણો જમવા જતા મળે છે તે દિવસે ત્યાંના વૃદ્ધ વજીરની વહુને શિમંત હતું તેથી મોટું જમણ હતું જેથી આનંદ મગ્ન વિપ્રો જમવા જતા હતા તેમાં સ્થાન વિગેરે પૂછી મયંક પણ જમવા જવા તૈયાર બની માધવને વિનવીને જાય છે પણ નશીબ બે ડગલાં આગળનું આગળ છે ત્યાં મોદક સ્તુતિના સ્લોકો બ્રાહ્મણો બોલે છે માધવને શ્લોક બોલવા આગ્રહ થતાં નિતિ ભર્યો આચારને અનુસરતો શ્લોક બોલે છે એટલામાં વજીર તથા તેની ગર્ભવતી પત્ની બ્રાહ્મણોને ચાંદલા કરવા આવે છે જેથી સૌ આશિર્વાદ બોલવા લાગે છે, ચાંદલા-

કરતાં બન્ને માધવ પાસે આવે છે. માધવનો દુઃખનો સૂર્ય પૂર્ણ પ્રચંડ હોવાથી વજ્રર પ્રતિ માધવપર આસક્ત બનેછે અને છચોક સૌ દેખતાં જ્ઞાતિ વચ્ચે માધવને આલિંગન આપવા વિનવે છે દ્રઢ માધવ નિતિ ન તજતાં એક મન રાખી શાંત તથા નિતિ ભર્યાં વાકયોથો તેનું સાંત્વન કરે છે પણ જ્યાં શંકરનો શત્રુ કોપેલ ત્યાં કોણ જીતી શકે જેથી અંતે તે સ્ત્રી નિર્લજ બની માધવને બાઝી પડે છે. વજ્રર આથી ગુસ્સે થાય છે અને તેને માધવથી છોડવે છે પણ આલિંગનથી અળગી થાતાં તે મૂર્છીત થાય છે. મૂર્ખ વજ્રર પોતાની સ્ત્રીના વાંક સામું ન જોતાં માધવને જાદુગર જાણી સિપાઇ પાસે પકડાવે છે એટલામાં કામ વિહ્‌વળ વજ્રર પત્નિને ગર્ભ શ્રાવ થયાના ખબર આવે છે. બળતામાં ઘી હોમાયા જેવું આ થાય છે. અને તેને ધકકા મરાવી રાજા પાસે વજ્રર લઇ જાય છે. મયંક પણ ભેગો છે બન્ને રાજ દરબાર તરફ ચાલે છે એટલામાં પાપ કરતાં પાછું વાળી જોએલું તેથી રાણીની દાસી આ નર રત્નને જુવે છે અને બાઇ પાસે બધી હકીકત કહેછે. મોહન માધવને નિરખવા રાણી ઉત્સુક બને છે અને વજ્રરને બહાર રાખી મયંક તથા માધવને અંતઃપુરમાં બોલાવે છે આંહી તે પણ કામાંધ થાય છે પણ દાસી તથા મયંકની નમ્ર વિનતીથી તેની શુદ્ધી ઠેકાણે આવે છે અને પ્રીતિથી તે બન્નેને છુટા કરવા વચન આપે છે એટલામાં રાજા આવે છે. વજ્રરને બોલાવી તેની હકીકત સાંભળે છે વજ્રર તેને પ્રાણથી મારવા વિનવે છે પણ રાણી ખરી હકીકત પ્રીતિને લીધે સમજાવે છે. રાજા રાણીને અંદર જવા આજ્ઞા કરે છે પણ ખરી હકીકત જણાયાથી તે નિર્દોષને શિક્ષા કરતાં

ડરે છે પણ વજીરનું માન રાખવા તથા તેના રૂપથી ડરી તે બન્નેને હદ પાર કરે છે ત્યાંથી ચાલ્યા ચાલ્યા તે બન્ને દુઃખિયા જંગલમાં જાય છે દુઃખનો અવધિ હજી બાકી છે જેથી તેઓ બન્ને ભીલના હાથમાં પડે છે જેઓ તેને તેની નાતના પટેલની સ્ત્રીના શિમંત વખતે દેવીને ભોગ આપવા લઇ જાય છે અને દેવી સમક્ષ હાજર કરે છે ભૂવો તેને ઇશ્વર સ્મરણ કરવા કહે છે જંગલી રીતિનું દર્શન આંહી થાય છે પણ તે પટેલની સ્ત્રી માધવના રૂપથી મોહિત બની તેને બચાવવા વિચાર કરે છે અને ઢોંગ કરી ધુણવા માંડેછે અને દેવીને બ્રાહ્મણનો ભોગ આપવા તૈયાર થએલા તે માટે કોપ કરે છે. મૂર્ખા ભીલો આથી ડરે છે અને બન્નેને પગે પડી માફ માગી કામાવતિને રસ્તે ચડાવે છે આ રીતે દુઃખ ભોગવતા બન્ને મિત્રો કામાવતિ નગરમાં આવી પહોચે છે કામાવતિમાં કામકુંડલા નામની ગયકાના ઘરનો દેખાવ આવે છે આ ગાયકા નાટકની મુખ્ય નાયિકા છે. કામકુંડલાની સખી માધુરી તેને રાજા પાસે જવા આગ્રહ કરે છે સ્વકિયાના ધર્મની પ્રસંશા કરતી કામકુંડલા રાજાને ધિઃકારે છે અને રાજ્ય સુખ કરતા વિદ્યાના ગુણને વધારે છે અને પોતે એક પતિને પરણી સ્ત્રીયાનો ધર્મ પાળવા દ્રઢ નિશ્ચય બતાવે છે પણ માધુરીની વિનંતીથી તેને કચેરીમાં જાવું પડે છે જે તેને માથા ઉપરવટ થાય છે પણ લાચાર બનીને ગયા વિના છુટકો થતો નથી, કચેરીમાં જઇ બન્ને રાજા પાસે હાજર થાય છે અને રાજાનો હુકમ થતાં ગાયનનો આદર કરે છે ગાયન ચાલતાં માધવ તથા મયંક આવી પહોંચે છે અપૂર્વ ગાયન થતું સાંભળી સાંભળવા ઉભા રહે છે અને પ્રતિહારને બોલાવીને કહે છે કે ઉપર જઇને

કહે કે કચેરી મંડળ તદ્દન મૂર્ખ છે પ્રતિહાર આને હસી કાઢે છે પણ તેના આગ્રહથી ઉપર જઇ નિવેદન કરે છે રાજા આનું કારણ જાણવા ઉત્સુક થાય છે તો કારણ એ નીકળે છે કે મૃદંગ વગાડનારનો જમણા હાથનો અંગુઠો ન હોવાથી તેણે મીણનો અંગુઠો કર્યો છે જેથી સુર સારો દબાતો નથી તેથી તે બે સુરૂં મૃદંગ વાગે છે આ મહત્ આશ્ચર્યની વાત સાંભળી તે સંબંધી તજવીજ કરતાં વાત સાચી ઠરે છે જેથી માધવની અસાધારણ વિદ્યા જાણી રાજા તેને કચેરીમાં બોલાવે છે કામકુંડલા પણ તેના આવા નૈપુણ્યથી તેને જોવા ઉત્સુક થએલી છે તે તેને રૂપ ગુણથી ભરપૂર જાણી ખુશી થઇ મનમાં વરવા સંકલ્પ કરે છે અને તેના તરફ નિહાળી જોયા કરે છે. રાજા સનમાનેથી માધવને પાસે બેસારી ગાયન ગાવા વીનંતી કરે છે માધવના ગાયનથી તમામ કચેરી સ્તબ્ધ બની જાય છે રાજા ખુશી થઇને પંચાંગ સાથે પુષ્પ હાર અરપણ કરે છે ને માધવના ફરમાનથી કામકુંડલાને ગાયન ગાવા હુકમ કરે છે કામકુંડલા પણ પોતાના પ્યારાને ગુણથી ખુશી કરવા તૈયારજ તેમાં રાજાની આજ્ઞા થતાં આનંદથી દિલનો રંગ લાવી મસ્ત બની ગાય છે જેથી ખુશી થઇ માધવ હાર આપવા જાય છે તે હાથમાં ન લેતાં શિર ધરે છે જેથી માધવ તેને તે હાર ગલામાં પેહેરાવે છે રાજા કામકુંડલાપર આશક્ત છે તેમાં આ પ્રમાણે થતું જોઇ ઇર્ષાથી માધવને હદપાર જવા હુકમ કરે છે અને કામકુંડલાને કાઢી મૂકે છે. માધવને કામકુંડલાની સખી માધુરી પોતાને મંદિર લઈ જાય છે અને માધવ તથા કામકુંડલા ગાંધર્વ લગ્નથી પરણે છે અને અરસપરસ આત્માર્પણ કરે છે. માધવરાજા

નો હુકમ પાળવા ચાલ્યો જાય છે અને કામકુંડલા વિરહીણી બની રવીયા પ્રોષિત પતિકાના ધર્મને અનુસરી નીયમમાં રહે છે. માધવ અત્યંત શોક કરતો નશીબને ધિ:કારતો મયંકના મેણું સહન કરતો કરતો ચાલ્યો જાય છે. અહીં બીજો અંક પૂરો થાયછે.

## અંક ૩ જો.

ત્રીજા અંકના આરંભમાં મયંક તથા માધવ ઉજ્જયનીમાં મહાકાળેશ્વરના મંદિર પાસે પ્રવેશ કરે છે. દુ:ખથી કંટાળેલા બન્ને શંકરના આશરામાં આવી ખેદિત મનથી વિનંતી કરે છે મયંક પૂજા કરવા જાય છે ત્યાં માધવ ભીંત ઉપર કોયલાથી નીચેનો શ્લોક લખે છે.

### અનુષ્ટુપ.

શું કરું જાઉં કો પાસે, નથી રામ ધરા પરે;
કાન્તા વિરહના દુ:ખો જાણે છે એક એ ઉરે.

તથા નીચે એક બીજો પરદુ:ખભંજનનો શ્લોક લખીને પ્રભૂ પાસે પ્યારી મળવા શુદ્ધ મનથી વિનંતી કરે છે અને પછી બન્ને ચાલ્યા જાય છે પછી પરદુ:ખભંજન રાજા વિક્રમસેન દર્શન કરવા આવે છે દર્શન કરી પ્રદક્ષિણા કરતાં શ્લોકો વાંચી કવિત્વ શકિતથી ખુશી થઇ પોતાને વિનંતી રૂપ લખેલ સમજી તેનું દુ:ખ ભાગવા પ્રતિજ્ઞા લઇ વિક્રમ તેની શોધમાં નીકળે છે પણ કયાંઇ પત્તો લાગતો નથી આથી વિક્રમ વિચારશુન્ય બની ફરતો ફરતો સ્મશાન તરફ નિકળી જાય છે. જ્યાં હરસિદ્ધ આદી દેવીઓ આવે છે અને વિક્રમ દૂર ઉભો રહે છે. હરશિદ્ધને દિલગીર જોઇ તેનું કારણ પૂછતાં વિક્રમની દિલગીરીનું કારણ માલુમ પડવાથી એક દેવી દેવ

દમણી મારફત તે કામ કરવા સૂચવે છે વિક્રમ ખુશી થઇ લાખ અશરફી ઇનામ આપવા કહી બીડું ફેરવે છે. જે ઘણીવારે દેવ દમણી ઝડપે છે અને શોધમાં નીકળે છે. ફરતી ફરતી દેવદમણી જે ધર્મશાળામાં માધવ છે તેજ સ્થળે આવે છે, જ્યાં સાધુમંડળ તથા ખાખી બાવાનો તકરાર તુર્તજ શાંત થયો હતો અને બધાં સુતાં હતાં, માધવ સૌ સૂતાં પછી જાગીને વિરહદુઃખથી વ્યાકુળ બની શોક કરે છે અંતે મૂર્છિત થઇ પડે છે આથી મયંક જાગી ઊઠીને તેને સાંત્વન કરે છે અને પછી વાતચિત કરી બન્ને સુઇ જાય છે એટલામાં દેવદમણી આવી પહોંચે છે સૌ ઉપર દંડ ફેરવી નિદ્રાધીન કરીને સ્વપ્નાવસ્થા આપી મનના ઉદગાર જાણે છે જેમાં માધવ તેને ખરો વિયોગી તથા તે શ્લોક લખનાર હતો એમ માલુમ પડવાથી સિપાઇ પાસે પકડાવી તેમને ધૈર્ય આપી રાજા પાસે લઇ જાય છે. વિક્રમને પોતાની પુર્વ સ્થિતી કહીને સર્વે હકીકત કહે છે. રાજા માધવને વિનવી દુઃખ ભાગવા વચન આપી મનાવે છે તથા બ્રાહ્મણને વેશ્યાના પ્યારની પ્રતિકુળતા કહી બતાવે છે પણ માધવ આથી ન ડગતાં એક અભેદ પ્યારની શીઘ્ર કવિતા કરી ગાય છે જેથી રાજા આશ્ચર્ય પામી તેને સાથે લઇ કામાવતિ તરફ વળે છે માધવ વિક્રમની પરીક્ષામાં પરીપૂર્ણ ઉત-રવાથી રાજા કામકુંડલાની પરીક્ષા કરવા છુપાવેશથી જાય છે અને તેની સ્થીતિ કામસેન તરફ ધિઃકાર તથા માધવનું સ્મરણ જોઇ ખુશી થાય છે પણ વધારે હકીકત જોવા ત્યાં પ્રગટ થઇ મા-ધવના મૃત્યુના સમાચાર કહે છે. જેથી સતિ કામકુંડલા ચિતાગ્નિ ની વાટ ન જોતાં વિરહાગ્નિથી તુર્ત મૃત્યુવશ થાય છે. આથી ગ

ભરાઇ રાજા માધવ પાસે બધી હકીકત બતાવે છે જેથી માધવ પણ તેવીજ દશાને પ્રાપ્ત થાય છે. રાજાએ કામસેન પાસે કામ કુંડલા સોંપવા દૂત મોકલેલ પણ આંહી આવું વિપર્ય બનવાથી પોતે મરવા તૈયાર થાય છે એટલામાં વૈતાળ આવી તેને ઠપકો આપી સમજાવે છે કે મૃત્યુ નથી પણ કામ મુર્છા છે જેથી સિતો પચારથી તે બન્નેને જીવાડવાનો રસ્તો બતાવી જાય છે રાજા તે પ્રમાણે કરવા માણસોને હુકમ કરે છે અને બન્ને પાછાં સાવધ થાય છે. આંહી કામસેન વિક્રમની ચીઠી વાંચી ક્રોધે ભરાય છે પણ પ્રધાનના સમજાવાથી તે કામકુંડલાને લાચારીથી સોંપવા તત્પર થાય છે અને કામકુંડલાને અભય આપી બોલાવી વિક્રમ પાસે જાય છે. વિક્રમ પણ કામસેનને તુર્ત તાબે થએલો જાણી ખુશી થઇ તેને પ્રીતિથી ભેટે છે અને સન્માન આપી બેસારે છે કામસેન માધવને બોલાવી કામકુંડલા સોંપે છે તથા આનંદ વરતે છે. મયક પણ હાસ્ય કરતો આનંદમાં આવે છે. માધવ તથા કામકુંડલા બન્નેને આશિરવાદ આપે છે. પછી ભરત વાકયમાં પ્રેમીનું દીર્ઘાયુ ચાહી પાત્રો ચાલ્યાં જાય છે.

---

# માધવ કામકુંડલા નાટકના ઓપેરા

સર્વે પાત્રો— ૧

સત્વર શ્રીશંભુ સાહાયતા કરો.
સહુ નમીયે તમને પ્યારથી જોડી હાથ,
મનવચ કરમે નામી માથ, નગદુહિતાના નાથ,
ઉરમાં અરજી પ્યારી ધારી— સત્વર શ્રીશંભુ.
જય આપો ભારી આનંદ ધારી,
કષ્ટ વિદારી અભીનય સમયે,
સધ કરો મતિ સારી વારી સહુ જાઇએ છીએ,
ગુણ ગાઇએ છીએ ભારી. સત્વર.

નટી— ૨

કોને પુછીને કરોછો તમે આ સહુ તૈયારી,
ધરમ તમારો નથી જોતા કાં વિચારી ટેક
ઉદ્દત પણું શું આવું, રાખવા માંડયું નકામું.
સેવ્ય સેવકોનો મુકયો ધરમ વિસારી. કોને.
શીખવ્યું સંગીત ધારી પ્રીત રૂડી રીતે અમે.
શીખીને તમે થયાતો સાવ સ્વેચ્છા ચારી. કોને.
કરી માહા દોષ મારા રોષ ને થયાછો પાત્ર;
આઘા જાઓ, આઘા અહીંયાંથી અનાચારી. કોને.

૩

પાત્રો—માતુ કરો નહી ક્રોધ, અરે ઓ માતુ કરો નહીં ક્રોધ.(૨)
આપને ઉપાધિ થાય એવું નહીં આચરીયે;
સુખ ભરનારા કરી શોધ. . અરે ઓ માતુ.
આપની આજ્ઞા સમ અનુસરીએ;
વગર વાંકેથી શીદ વધારો વિરોધરે, માતુ.
આપ તણા શીરછત્ર છે સાથે;
નથી અમે ભીતી બાય, કરવા આ બોધરે. માતુ.

૪

સુત્રધાર—જીવતા કરીની કેણી. દેખે સહુ દોષ દ્રષ્ટીથી;
મુએલો મહત્તા પાંમે, પોષે પિયુષ વૃષ્ટિથી.

૫

સહુ અદ્રષ્ય અમરને, જોવા જાહિર તનથી તલપે છે;
દ્રષ્ટેથી દેખાતા મયંક માંહી કલંક કલપે છે.

૬

મયંક—દેખું છું લાડુ ને મારો હું દેવ (૨)
મોદક પ્રભુ વિના ન પ્યારૂં છે કાંઇ. દેખું છું.
અંતરજામી છે એતો અમારો;
સાચી કરૂં શુદ્ધ દીલેથી સેવ. મોદક—દેખું છું.
ઘટ ઘટ વ્યાપી છે મહા પ્રતાપી;
ભુવનમાં પોપવાનો ધાર્યો છે ભેવ. મોદક—દેખું છું.
જીવન દાતા એને જાણું વિધાતા;
ઉત્તમ વિચાર કર્યો અંતરમાં એવ. મોદક—દેખું છું.

૭

**આશ્રવ**—ઉપાવણુ ચીતમાંહી પ્રીત છે સંગીત સદા;
પરમ પવિત્ર મોદ મીત્ર છે ખચીત સદા. ટેક.
જેના ત્રય ગ્રામ સુખ ધામ દે આરામ અતી;
એકવીશ મુર્છના તણી રસીક રીત સદા. ઉપાવણુ.
શ્રુતિદ્વય વીશ શાંતિ દાનદે મહાન બની.
શ્રુતિ સમ બ્રહ્મ ભાન દે કરી અભીત સદા. ઉપાવણુ.
સદાસ્વર સપ્તના સમુહથી વિમોહ કરે;
જહાં ત્રય જાતી શાંતિ રૂપ પ્રદાહીત સદા. ઉપાવણુ.
ભરે ખટ રાગ અનુરાગ સર્વ જાગ માંહી;
બન્યો બડ ભાગ્ય તે સંગીત સંગ પ્રીત સદા. ઉપાવણુ.

૮

**સ્રીઓ**—શ્રવણુ પડે કોનું ગુણિયલ ગાન (૨)
રતિ ભરે મતિ હરે, ક્ષતિ હરે ઉરની;
મનહર મીઠી તાન શ્રવણુ પડે.
**પહેલી સ્રી**—અંતરને ઉછળાવતું ચગાવતું ચિત ચાલ.
વિજય માલ સમ વાલીની હરાવતું બલ હાલ;
જગાડે જોરથી સર્વ જહાંન ? (૨) રતિભરે.
**બીજી સ્રી**—બાણુ સમું બલધારીને, પહોંચે અંતર પાર.
સાવ ઘાવ કારી કરે, બની તીખી તલવાર;
દીયે દીલડાને દુખનું દાન. રતિભરે. શ્રવણુ.
**ત્રીજી સ્રી**—અરર બેન આતો મને હૃદયે વધારે રોગ.
વ્યાકુળતા વિધ વિધ ભરે બલા મેળવે ભોગ;
હરેછે મનડા કેરું માન. રતિભરે શ્રવણુ.
**થી સ્રી**—ઝટ ચાલો જળ બળી ગયું, બળી ગયાં ઘરબાર.

દરશન કરી દેવાંશીનાં સફળ ગણી અવતાર;
ગજાવ્યું જેણે ગળાથી રાન રતિભરે શ્રવણ.
પેલી સ્ત્રી—જો બાઇ પેલો, રસે છકેલો, છે ગાન ઘેલો, રહ્યો અકેલો.
બીજી સ્ત્રી—શો ચારૂ સુરતી, શાં મોહ ફુરતી; દેખીને દૂરથી,
અકળાણી ઉરથી.
ત્રીજી સ્ત્રી—છે વિણા હાથે, સુકારીટ માથે; અતિ સ્નેહ સાથે,
કરે ગાન ગાથે.
ચોથી સ્ત્રી—શું કામ આવ્યો. ફરી દેહ લાવ્યો; મુજે ઉર
ભાવ્યો, પ્રભુએ બતાવ્યો.

૯

કાંતિ તથા શાંતિ—હાંરે હેતે હાલો આનંદ માંહીં ન્હાલો.
વિષાદ વધે શેનો (૨) રેશું સાથે સદાય બેઉ બેનો.
કાંતિ—હાંરે શાંતિ હેલી, જાઉનાં તુને મેલી;
કરાર કરૂં તેનો (૨) રે, રેશું સાથે,
શાંતિ—હાંરે વિના કાંતિ, રહેનાં ઘડી શાંતિ;
ઉપાય નથી એનો (૨) રે, રેશું સાથ.
કાંતિ—હાંરે હુંછું ભોળી, રહીછું રસે બોળી;
ભરંસો કરૂં કેનો (૨) રે, રેશું સાથ.
શાંતિ—હાંરે તું છે બોળી, ગાગર ઢોળી લે ગોળી;
ચાતુરી કરે ચેનો (૨) રે, રેશું સાથ.
મયંક—

૧૦

મણીને પગમાં રોળે, ધારે કાચ શીરે સદા;
જણાયે વેચતી વારે કાચ કાચ મણી મણી.

કાંતિ— ૧૧

કર્યો વશ કર્યો વશ કર્યો વશ તેં નાથ;
જોયું મુખ જોયું..........................ટેક.
તારા જેવી મૂરખી શું વશ કરવાની વ્હાલો;
અભાગણી રહીશ તું અનાથ. કર્યો વશ.

શાંતિ—બોલ તું વિચારી જરા અદબ રાખીને ઉર;
મારા તારા સબંધની સાથ;

કાંતિ—..........................................કર્યો વશ.
માનીતી થઇને હું તો માણીશ પતીથી મજા.
મારવાની મેણા તારે માથ................કર્યો વશ.

શાંતિ—તારાથી બને તે બેલાશક તું કરજે બેઠી.
હું જો સાચી તો જોડાનું હાથ.

કાંતિ—..............................................કર્યો વશ.

૧૨

વિલોકયો વિશ્વ બધી માંરે, નથી માધવશો નર કોઇ. ટેક.
રતીનો પતી છે મહા મતી એતો અતી;
નહીં થશે નહીં થયો હોય (૨) વિલોકયો.
મોટી મૃગ જેવી આંખો મોહ મંત્ર જેમાં રાખ્યો;
રહ્યા માનિનીઓ સહુ મોઇ. વિલોકયો.
૪ તુંબુરની તાન લાજે, ગાંધર્વનું ગાન ગાંજે;
નાખ્યા ધાતાએ ઢૂવકર ધોય (૨) વિલોકયો.

માધવ— ૧૩

તૃથા સદા પર સ્વામાનું સુખ;
બ્યથં વીત પરધરનું;

વ્રથા પુસ્તકે રહેલી વિદ્યા,
વ્રથા નામ નીચ નરનું, છે અવતાર વ્રથા.
ધરી જયાં શીરે પરાધીનતા,

પ્રયંક— ૧૪

ભ્રાતા સખા માત પીતૂ તમે છો,
નારી સુતા સૂત હિતુ તમે છો;
દ્રષ્ટે પડો દેવ ભરાય આડું,
નમું તમોને નિત્ય મેવ લાડુ.

માધવ— ૧૫

જેણે પ્રેમ સુરા નહીં પીધો (૨)
એણે આ જોતાં સહુ જહાંન, જન્મ વ્રથા કરી દીધો. ટેક
ભાન થયો નહીં ગાળી ગુમાન;
કોલ કરાર ન કીધો. જેણે પ્રેમ.
વાર્યું નહીં તન મન ધન તમામ;
સાથ ગ્રહ્યો નહીં સીધો. જેણે પ્રેમ.
હિત અનહિત કરીશું નહીં હરામ;
બદ જનથી ઉર બાંધો. જેણે પ્રેમ.

સ્ત્રીઓ— ૧૬

પધાર્યા ક્યાંથી કોડિલા કામ રૂપ ધરી;
જરાક જુઓ ફરી, જાદુની નજર કરી.
હયડાં લીધાં હરી. પધાર્યા.
લીયો આ બીડી બનાવી લાલ આપ માટે.
માલતી માળા પેરાને મારા પિયુ સાટે;

ચંદન કપોળે કરી ભાવેથી ભાલે ભરી. પધાર્યા.
જુઓ આનન રૂપાળું કેવું આપતું છે.
લગાવું અતર અંગે રૂડું ગુલાબનું છે;
ગુલાબ આબે કરી ભીંજાવું તમને હરી. [redacted]

૧૭

લજ્જા પિતુ માતેનિ ભ્રાત કેરી;
સમાં કુટુંબી કરિ સર્વ વેરી.
પતી લગ્યો પ્યાર, તમામ ત્યાગી.
તને અમે ઇશ્વર, પાસ માગી.

૧૮

તારી છબી અંતર આ અમારૂં;
ખેંચી કરે છે ક્ષણમાં નકારૂં.
ગુણો બધા ગાળિ કરે વિલૂપ;
બનાવિ દે નિર્ગુન બ્રહ્મ રૂપ,

૧૯

ઉરે નથી આવતું પાપ પુન્ય;
નથી જણાતું વળિ વાસ સુન્ય;
વિચારના સ્થાનકમાં અનેમ.
પૂરો ભરાયો પ્રિય તુજ પ્રેમ.

૨૦

જાઇ કીયાં ધાઇ અમે કહો કયાં;
જાઈ સમાઇ સહુ આપ કહો ક્યાં.
કબૂલ છે દુઃખ સહીં કહો ત્યાં;

રહીં અમે સર્વ તમે રહો ત્યાં.

૨૧

પુરૂષો—આ જુલમની ભાઇ નીરખો નવાઇ. ટેક.
જુઓ જુઓ મુજ કજાત કામા લાજ તજીને લાઈ;
બોડી દે એ ફીકર બનીને મુજથી બીએ ન મનમાંઇ. નીરખો.
જુઓ માલતી માળા નાખે માધવના ગળમાંહી.
એ નિર્લજ છે મારી અબળા મુજથી જગી ન જોયું જાઇ. નીરખો.
ચંદનવાળી ચપળા મારી સત્ય કહું સમ ખાઇ;
માધવને ઉભી છે અરચવા, આતુર બની ઉરમાંઇ. નીરખો.
ઉભી હાથ અરીસો લઇને હઇડામાં હરખાઇ;
એ નવયોવન નાગી મારી હદને તજી ગઇ હ.ઈ. નીરખો.
અતર મુજ અંગે ચોપડતાં ધન આવું કંઇ ધાઇ;
જુઓ પરાયા પુરૂષ સંગે લલના લુચ્ચી લપટાઇ. નીરખો.
ગુલાબ જળ છીટકાતી ગોગી ખસી ગઇ ક્ષણમાંહી;
મુજ બદલે માધવને છાંટે જુંગળ વિનાની છે ભવાઇ. નીરખો.
ચાલો ચાલો જઇ ઝટ ચાલો લઇ ઘાલો ઘરમાંહી;
નગર શેઠને નાત બધી થઇ જાહેર કરવાને જાઇં. નીરખો.

૨૨

પુરૂષો—ઝટ જગાડ શેઠને મળવું આજ છે અહીં;
ભૈયો—સો ગયે હે આવો સુબોકો અબે મીલે નહી ટેક.
પુરૂષો—બહુ અમારે કામ છે પુછવાનું મુદ્દામ છે;
ભૈયો—અબ હો ગયે કીંવાર બસ અબે ખુલે નહીં.
પુરૂષો—...............................ઝટ જગાડ

ખબર દે જરાક જઇ કરગરી સહુ રાંક થઇ;
ભૈયા—રાંક હો તો હમકો ક્યાહે યે બંદા ભુલે નહીં.
પુરૂષો—.................................ઝટ જમાડ
આપ અમારા યાર છો વળી ઘણા હુશીઆર છો.
ભૈયા—જાઓ મત બનાઓ હમકો હમ કીસીકે હે નહીં.
પુરૂષો—.................................ઝટ જગાડ.
નમન કરીયે જોડી પાણુ જરાતો કરો શેઠને જાણુ;
ભૈયા—યે ફરેબસેં હમારા દિલ ખુશી રહે નહીં.
તમામ રૈયત— ૨૩
લાય ધરો ઘર લાગી બાપા લાય ધરો ઘર લાગીરેજી.
કહો કોણુ ઉગરશે ભાગી બાપા લાય ધરોઘર.
બ્રાહ્મણને છે ભય ઝાઝેરો મોત લીયે છે માગીરેજી;
આ અભાગીયા અમે વાણીઆ જુઓ રાતમાં જાગી. બા.
ભટ ભાટીયા બળી જવાના તંત સરવનો ત્યાગીરેજી;
કોળી નાળી હાળી ઘાળી એ બડ બડતા બામી. બાપા.
ઘાંચી મોચી તાઇ તંબોળી દૈયે હોળી જાગીરેજી;
કોઇ બચ્યું નથી આ આફતથી હાક નગરમાં વાગી. બાપા.
શેઠ— ૨૪
સૌ હાજો સવાડમાં બાવેઠી બેડા બજાડમાં. ટેક.
ઘડે ઘડે કડી જાણુ ટાણી લાવો કડી ટાણુ.
લેજો બહાઓને લાણુમાં જાણુ કડી લેજો બહાઓને લાણુમાં
સૌ હાજો.
જઇને કડશું ફડીઆદ પાડી મોટા મોટા હાદ;
નહીં ડહી ટાડી આણુમાં, કેશું અમે નહીં ડહી ટાડી આણુમાં,

સર્વ રૈયત—વાહ વાહ મારા શેઠ અમે સૌ તમારે હેઠ;
રહેશોમાં મોટા થઇ મોણુમાં વેશ કાઢી રેશોમાં મોટા થઇ મોણુમાં.
શેઠ—.............................................સોઠાજો.

૨૫

સર્વ નાતીલા—અમારા દખની વાતો, ક્યાં જઇ કરીએ રે કો'ની આગળે.
વાણુંદ—વતાં કરવાનો વખત વિહર્યો રાંડને ઝાલી બેહી રહું દન રાત.
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.
બ્રાહ્મણ—દોડી લેવાને દાન દક્ષણા, એટલી વારમાં રાંડ કરે ઉતપાત.
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.
વાણિયો—હાટે હડતાલું દઇ બેશીએ વકરા બદલે વાણીયાણીની વાત.
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.
દરજી—શીવણું ને ઓટણું આઘું કર્યું.રાંડોએ લીધીછે માધુની માળાહાથ.
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.
મોચી—દોરા વણવાના મુકે ડેલીયે, દેખી માધુને મળવાને મુકે દોટ.
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.
ઘાંચી—તલના કાઢે ને પુરા કાંકરા માધુને જોવા જબરી મારે ઝોંટ.
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.
સુતાર—બળતા આવી બપોરે કામથી, કારખાનામાં કાને પડે કકળાટ,
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.
વાઘરી—દાતણ વેસે ને રાંડ કુહડી અમથી આવે માધવને પગ આંટ.
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.
રબારી—ઢોળી નાખેસે દોણાં દુધનાં નત જપેછે માધવ માધવ નામ.
સર્વ નાતીલા—.........................અમારા દખની વાતો.

મારવાડ—રેહાં મુકી દે રાંડ વાછરૂ. માધવ વાંહે કરીશ કામ હરામ.
સર્વ નાતીલા—......................અમારા દખની વાતો.
સંધાઠીયો—હળકી જાયે હંધાડો તાણુતી માધવ માથે રાંડુ અમારી રાખ,
સર્વ નાતીલા—......................અમારા દખની વાતો.
શેઠ—હડકટ ડાપોમાં હાડો હામઠી ડાજા આગડ સડવે પુડજો સાખ;
સર્વ નાતીલા—......................અમારા દખની વાતો.
માધવ—                    ૨૬

આવરદા વ્યર્થ વિતાવી (૨)
જેના ગળામાં અતિ આનંદે શેલી નવેલી ન આવી. ટેક.
ભગવાં ભાવ થકી નહીં પહેર્યાં ભાવે ભસ્મ લગાવી;
ઉત્તમ વસ્ત્ર ધર્યાં નહીં અંગે અત્તર ખૂબ ઉડાવી. આવ.
ધ્યાન મહીં રૂદયામાં ધારી ભલી ન પાવડી ભાવી;
આલીંગનમાં અબળા નાવી લઘુ લંક લચકાવી આવ.
શાંત અતિ વેદાંત કથાઓ શ્રુતિને નહીં સુણાવી;
સુકવીની શૃંગાર કવીતા નૌતમ શ્રવણે નાવી. આવ.
ખાધા નહી ખુરમા ખાંતેથી મીસરી નહીં મગાવી;
ધોબીના કુત્તાસમ ધાયો આ અવનીમાં આવી આવર.

અરવિંદચંદ્ર—                    ૨૭

પ્યારા પાન ગ્રહણ કર, માઘુ દોષ ન દિલ ધર;
નિરદય બનિ અતિ દુઃખ આપું. ટેક.
સહન કરી નહીં શકે વિરહ તુજ ઘણું જોણું મુજ ઘટ ધર.
પ્યારા પાન.
અશરણુ શરણુ મયું પદ મારૂં શરણુ કરૂં અશારણુ નર. પ્યારા.

અંધકાર અંતરમાં થાશે જતાં હૃદયના હિમકર. પ્યારા.
પ્રજા તણો પોકાર પ્રબલ છે અતિ ભયકારી અવસર. પ્યારા.

માધવ— ૨૮

આજ્ઞા શીરે સધ ધારી તમારી જાઉં;
(નિત્ય) વિદેશમાં વિચરીશ, સદા સારી રીતે રહી;
હું તો આપને આશ્રિત દછ્છ ભારી સદા સારી. ટેક.
અન્યના વિયોગનું માને ન મન દુઃખ.
પિતુ સમ આપ તણો પ્રભુ પ્યાર.
મને અંતરમાં કરે ઘાવ કારી, દુઃખકારી. આજ્ઞા.
પ્રેમ કર્યો નથી કયાંઇ કપટનો;
એમ છતાં આવ્યું દુઃખ આ.
લ્યો કરમ હોડી દે છે હકારી દુરે ભારી. આજ્ઞા.

## અંક ૨ જો.

માધવ— ૨૯

સુખીયાને સુખદાતા સુંદર દે વિનોદ દુઃખી જનને;
મનમથ દુત મોદનું મંદીર ક્ષણમાં ખેંચે મનને.
તનને તૃપ્ત કરે, રૂપાળું ગાયન ગ્લાની હરે.

૩૦

તૃણ ભક્ષણ કરી તાપે સદાકાળ જંગલમાં ફરનારાં;
તે મૃગ પણ ગાયનને, શ્રવણે સુણતાં તજે પ્રાણ પ્યારાં.

૩૧

મહા સુખકર મનહર વાટિકા.
અગણિત પુષ્પ લતાથી પ્રફુલીત ગહેરી તમાલ તરની ઘટા. ટેક

અતિ કોમળ નવ કુસુમની ઉપર ચઢી ચુસે મકરંદ મધુકર.
વિવિધ પ્રકાર કરે મુખરી વર પહેરી પરાગતણા દુપટા. મહા.
કોકિલ કોક કપોત તણાં કુળ, કેલી કરે આનંદ ધરી ઉર;
ત્રિવિધી પવન તન તાપ કરે દુર શી મનોહારી છવાઈ છટા.
મહા સુખ કર.

૩૨

પ્રીય પ્રીત ખરી તારી વિષમ વખતે રહ્યો વહાલ વધારી. ટેક.
સહુ મિત્ર સ્વારથના થાયે વિણુ સ્વારથે નહીં રહાયે.
લાલચમાં સહુ જન લલચાયે અહી સન્યાસી તપ ધારી. પ્રિ.
સુખમાં મિત્ર ઘણા મળી આવે મીઠું બોલી મન ભાવે;
દુઃખને વખતે દ્રષ્ટે નાવે નગણ્યાં એવાં નરનારી. પ્રિયે.

મયંક— ૩૩

બોલે મુખ મીઠી વાત ધોળી રાખતા ઉર ઘાત;
કરતા વ્યર્થ કોલ કરાર એવા મીત્રને ધિ:કાર (૨)
સ્વારથ કાજ ચાલે સંગ રાચે પ્રેમને નહીં રંગ;
અંતર ઢોંગ ઓર પ્રકાર, એવા મીત્રને ધિ:કાર. (૨)
મોઢે મિષ્ટતાનો વાસ, અંતર ઝેરનો આભાસ;
મુખપય, વીષ ઘટ મોઝાર, એવા મિત્રને ધિ:કાર (૨)
રહેતા સુખમાં નિત્ય સાથ, મળતા બેવડી ભરિ બાથ;
દુઃખમાં નાં દિયે દિદાર; એવા મિત્રને ધિ:કાર (૨)

૩૪

આશ્રવ—રહેતા સ્નેહથી નિત્ય સંગ રંગ્યા ઉર પ્રીતિ રંગ,
સ્વારથ વાત જ્યાં ન જણાય એવા મીત્ર મીલ ગણાય. (૨)

મરતા મીત્રના દુઃખ માટ ધડતા નાંહિ અવળા ઘાટ;
સુખ દુઃખમાં સમાન સહાય એવા મીત્ર મીત્ર ગણાય. (૨)
સુણતાં મીત્રનું દુઃખ કાન દોડી જાય છોડી માન;
ચિત દઇ કરે દુઃખ વિદાય એવા મીત્ર મીત્ર ગણાય. (૨)
નિજ દુઃખ હોય મેરૂ તુલ્ય એનું નાં ગણે જરી મુલ;
તૃણ દુઃખ મીત્ર મેરૂ થાય એવા મીત્ર મીત્ર ગણાય. (૨)

૩૫

સુમીત્ર કુમીત્ર સમાન નામ પડયું નહીં જ્યાં લગિ કાંઇ કામ.
હુતાસને હેમ રહે રૂપાળું કરી રહે પીતળ મૂખ કાળું.

૩૬

વખત દીયે વિશ્વપતી તે શીર ઉપર સહન કરી લેવું;
દાટવું દુઃખને દીલમાં, કોઇની પાસે જઇ નહીં કહેવું.

વિપ્રઅષ્ટુ— ૩૭

ચાલો ચાલો જમવા ભાઇ દુલ્લા દિવાનને ઘર જાઇ. ટેક.
મગદળ કેરા મોટા લાડુ ખાંત ધરીને ખાઈ.
દાળ અથાણા પૂરી પાપડ ધરી પેટમાં પ્રાઈ. ચાલો.
જગો રાખી આવ્યો છું જબરી શોધી સ્થાનક સારૂં;
સૌ પહેલાં જઇ નાંખો પાતલ માનો કહેવું મારૂં. ચાલો.
સોમનાથનું કહેવું સાચું ઘણો ભરાવો થાશે;
જો મોડા જાશું તો ભાઇ જગો પુરાઇ જાશે. ચાલો.
કોણ બેસનારો છે કાકો જગો આપણી જાણી;
મોડે કહેતાં નહીં માને તો, લેશું પાતલ તાણી. ચાલો.

કજીઓ કરવા કયાં છે સહેલા વ્યર્થ કરામાં વાતો;
જો માથાના મળી જાય તો ઝટ લગાવી દે લાતો. ચાલો.
લાતો ખાઇ કેમ રહેશું નથી અમે નાદાર;
ધુળ કાંકરા છાણું પાચા મારી કરીએ ઠાર. ચાલો.
પટેલને જો ખબર પડે તો થાયે બુરા હવાલ;
વાત આપણા નાત નિરખતાં મારી પાડે ખાલ. ચાલો.
ચાલો ત્યારે છોડી ચુંચાં શીદ રહીએં છેલા.
પાતલ પડીયા નાંખી બેશી પહોંચી સાૈથી પહેલા. ચાલો.

મયંક— ૩૮

હો સુકનમાં લાડુ આવ્યા, દઇએ ન જાવા;
દોડોએ ખાવા. હો સુકનમાં.
બ્રાહ્મણો ભેળા ભાવથી બેસી સારા બોલીએ શ્લોક;
પેટ ભરાયને પ્યાર વધે વળી લાયક માને લોક. હો સુકનમાં.

માધવ—પારકું ખાઇને પેટ ભરે વિણ મહેનતે વારંવાર;
સ્વાન સ્વરૂપી એ ભુસુર ભાઇના જીવિતને ધિઃકાર.

મયંક.......................................સુકનમાં.
કોટિક પેદિયો કાળના મોંમાં લાડવા ખાતી રઇ;
આપણે મોટા કેવડા માણસ નાતે જમીયેં ને. સુકનમાં.

માધવ—નાતની વાત જરા નથી આમાં એતો સુરસરી સ્વચ્છ.
પાપ વિના પકડી લે પલમાં મોટા પટેલો મચ્છ;

મયંક—..............................સુકનમાં.
જો નહી આવીશ તું જમવાતો થાશે મારૂં મોત;
મૂંગે મોઢે માર ખાઇને કેમ કરીશ કુમોત. સુકનમાં

આધત્ર—એમ જો હોય તો આવીશ સાથે થાતું નહીં દિ.
સંગીત સાથ સુણાવીશ શ્લોકો.....................

મર્યંક—.................ઘોડ ધરે છે કાં ધીર. સુકનમાં.

૧ બ્રાહ્મણ--                ૩૯

નાખી કોકમ આંબલી કઢી કરી વઘારે બનાવ્યાં વડાં;
તીખી દાળ તુવેરની તમતમાં શાકો વધાર્યાં ઘણાં,
ધારા શીતળ લાડવા ધ્રૃત ભર્યા શાકેર નાંખો ખડી;
એવાં ભોજન નિત્ય નિત્ય અમને સ્નેહે દિયો શ્રી હરી.

૨ બ્રાહ્મણ—                ૪૦

ખાંતે ક્ષીર મગાવીને મહીવિનું તાપે ચડાવી કડા;
તાવેયો લઈ તાનથી તલપતા ધુંગ્રા લગાવી ઘણા.
પોરી સુંદર પાપડો રસભર્યા શાકો અને રાઇતાં;
એવાં ભોજન નિત્ય નિત્ય અમને દેજો તમે દેવતા.

૩ બ્રાહ્મણ—                ૪૧

નાંખી સાકર જાફરાન જુગતે શીખંડ સારો કર્યો,
ચારોલી સુખદામ દ્રાક્ષ પિસતાં એલાયચીથી ભર્યો.
કીધી કોમળ પૂરીયો ઘૃત ભરી શાકો અથાણાં ધરી;
એવાં ભોજન નિત્ય નિત્ય અમને સ્નેહે દીયો શ્રીહરી.

મર્યંક—                ૪૨

ચોળ્યું સાકર ચાહરે ચુચવતું ઝાઝે ઘૃતે ચુરમું;
બાસુંદી ભરી એદુના નિકટમાં રાખી રૂડી રીતશું.
કાંઇ કામ ન દાળ કાળ સરખી ખાટી કડી શાકનું;
આપો દરશન ઇશ નિત્ય અમને એવા પ્રાતે પાકનું.

આધવ— ૪૩

શોભીતા વરૂ કર્મ ધર્મ કુળનો વિનોદ વિદ્યા તણો;
ભક્તિ માત પિતાની દેવ ગુરૂની ઉદ્યોગ આપો ઘણો.
કાપો ક્લેશ અપાર દ્વેસ ઉરનો જાત્યાભિમાની હરી;
ભિક્ષા ભક્ષ પરાંનનો પરહરી, આનંદ આપો હરી.

૪૪

પ્રધાન—પત્નિ—ક્યાંથી આવ્યા રૂડું રૂપ ધારી;
ધારી લાગે સુરત્ત મને તો, અતિ પ્યારી પ્યારી પ્યારી. ટેક.
જોતાં મનહર મુખ, મારી ભાગેછે ભૂખ;
દુર જાયેછે દુખ, સારૂં થાયેછે સુખ;
અવતારી મનોહારી, છબિ દીસે ન્યારી ન્યારી. ક્યાંથી.
આ પ્રીતીનો રંગ, આવિ ચડયોછે અંગ.
ઉરે વ્યાપ્યો અનંગ, સદા રહીશ સંગ;
હ્યો શિવકારી હુંછું નારી, કરૂંછું લાચારી ભારી, કયાંથી.

આવ— ૪૫

દોષ દેખ્યા વિણ મુજને, એ ગુને બાંધો નહીં;
હું મરેલો છું મુસાફર, એ ગુને બાંધો નહીં.—ટેક.
મંત્ર તત્ર કે જંત્રને હું તો જરા નથી જાણતો;
જોઇ મેં જાદુગીરી નથી, એ ગુને બાંધો નહીં. દે.ષ.
વિશ્વમાં કરતો નથી, દ્રષ્ટિ જરા વિકારની;
શુદ્ધ પ્યાર પંથે પળુંછું એ ગુને બાંધો નહીં. દોષ.
હું નથી બોલ્યો તથાપિ બાળ ગળ બાઝી પડી.
શું ગણો અપરાધ એમાં એ ગુને બાંધો નહીં. દોષ.

૪૬

સુભગા—નવો એક નરમેં જોયોરે (૨) નર મેં જોયો ચીતમાં
પ્રોયો; જીવડો મોયોરે—ટેક.

શીવનો અરી આવીયો ફરી. આજ ધરી અવતાર;
સુખ રૂપાળું ભાવથી ભાળુ, આનંદ વાળું અપાર. નવો.
અંગ પીતાંબર ધાર્યુંછે સુંદર, અન્યન અંબર કાંઇ;
હસ્તી શી ચાલછે બાલ વિશાલછે ચારૂ ભરી ચતુરાઇ. નવો.
ઉજવળ રંગછે કોમળ અંગછે; સંગછે બ્રાહ્મણ એક;
બાંધેલો હાથે પ્રધાન, સાથેછે માથેછે વાળ વિશેક. નવો.

રાણી— ૪૭

ભલે આવ્યા પ્યારારે, મારી આંખોના તારા, ટેક.
સહુ દુઃખ કાપીશ. શુભ સુખ આપીસ;
આજથી અમારારે, મારી આંખોના તારા. ભલે.
જગતમાં તમ સમ, અવર ન જાણીશ;
જીવન આધારારે, મારી આંખોના તારા. ભલે.
શુદ્ધ મનથી નિત કરીશ હું સમરણ;
સુજશ તમારારે, મારી આંખોના તારા. ભલે.

રાણી— ૪૮

પતિ આને ન દુઃખી કરશો;
વ્યથા હરશો (૨) સુખો ભરશો, પ્રતી ધરશો, દીલે ડરશો. ટેક.
રૂપાળું છે (૨) શશી જેવું પ્રભા ધારી વદન કેવું;
અતી છે કુમળું દુબળું વપુ દિલમાં વિચારશો. પતિ.
સુધર્મી છે (૨) અતી ધીરો પ્રતાપી છે ખરો હીરો;
તળી છે વિપ્રના બળાધર બહુ રવી ના ધિઃકારશો. પતિ.

જેહલો— ૪૯

હામા ઉતાવળો હાલને, (૨)

હજી જાવુંસે દુર થઇ જાહે અહુરરે. ટેક.

હામલો—હુંસે જાંડા આકાના જેહલારે લોલ;

ભાળું ઉતાવળો બારે;

જેહલો—તને કેવીસે વાત ભેળી થાયેસે નાતરે. હામા.

હામલો—ભેળાં થાયેસે કીમ બીજડાંરે લોલ;

કરવુંસે લખણું કીનું.

જેહલો—જરા વસારીને બોલ. તારો થઇ જાહે તોલરે. હામા.

હામલો—હવે લાંખું કરેસે હું લોંકડીરે લોલ.

વખતે વસારી કે વાત.

જેહલો—થઇસે ગાભણી આવાર પાંસા પટેલની નારરે. હામા.

હામલો—ઇમાં હું કામસે આપણુંરે લોલ;

જેહલો—માનતસે માતાની ઇને,

બધો કાઢવાને રોમ દેસે માણહાંનો ભોગરે. હામા.

જેહલો— ૫૦

કળજકમાં માતા કાળકા સે મોટીરે (૨) ટેક.

નાગાં માણહને દીયે વહતર ભુખ્યાને દે રોટી;

દખ દેનારી હાસી દેવી, દખીયાના દખ લેસે ઝોંટીરે. કળજકમાં.

પગહુધી હોભેસે સોટી સામર જેવી સોટી;

ખપરને તરહુર ખડખડે રાખહની કાંપેસે બોટીરે. કળજકમાં.

હામલો—સોહઠમાં સોવટણી દેવી, તાજી પેરે ટોટી;

પાવા ગઢની પટરાણી, વણ બીજી બધીયેસે ખોટીરે. કળજ.

માધવ— ૫૧

કાં પીડો નથી અમે તમારા ગુનેગાર (૨)

બોલ્યા ન ચાલ્યા બગાડયું ન કાંઇ;

જબર વાંકેથી શીદ કરોછો લાચાર. કાં પીડો.

નથી અમારી પાસે કાંઇ નાણું;

વળી નથી કાંઇ વસનું ઠેકાણું.

દુઃખે ભરેલું છે અમારૂં ટાણું;

જરાતો દિલ માંહિ કરોને વિચાર. કાં પીડો.

ભીલો—જોતા નથી કાંઇ ગનો અમે તો.

આવ્યાસો આપેથી આંહી તમે તો.

માધવ—છોડો અમોને તમોને ગમે તો.

ભીલો—લુટવાના સુટી રીયા કરોમાં હોકાર.

માધવ--........................................કાં પીડો.

ભીલડીઓ— ૫૨

મારી અંબાજી આઇ, મારી બેસરાજી બાઇ;

માનતને માની લેજો. મોરીમા. ટેક.

પાંસા ભાઇને બેટડો દેજો; મોરીમા.........મારી.

હાલરડે હીરની દોરી, મોરીમા.............મારી.

હીંસોળે રૂડી વહુ ગોરી; મોરીમા..........મારી.

ભીલો— ૫૩

પાવાગઢ વાળીમા પાવાગઢ વાળી;

કાળી તું રૂપાળીમા, પાવાગઢ વાળી. ટેક.

ભગતોની ભાળરાખે, બાંહે ઝાલી બાળી;

દેવતા ઉઆર્યા ધીંગા રાખહુોને ઢાળી. પાવાગઢ

હાજરા હજુર ગુંસો બાઇ ખરદાળો;

બાલડાં ભેગાં થઇને તારી પાડે તાળી. પાવાગઢ.

માથ્વન— ૫૪

પાપીને પાને પડયોછું દૈવ શી દીધી દશા;

મોતની અણીએ ચડયોછું, દૈવશી દીધી દશા. ટેક,

રાક્ષસી આ રૂપ સારૂ. સર્વે છોડયા સ્નેહીઓ;

લઇ ઉપાધિ આથડયોછું દૈવ શી દીધી દશા. પાપીને.

હું થયો હેરાન, કીધો મીત્રને હેરાન મેં.

નેહીને નિત્યે નડયોછું દૈવશી દીધી દશા. પાપીને.

રૂડી— ૫૫

વાહ વાહ રૂપાળો ભાઇડો મારે (૨)

ઝાલું હાથ, નાખું બાથ; પુછું વાત.

ભલી ભાત, રાખું રાતરે, વાહ રૂપાળો.

સે બોલ ઇના બલા સે ગોળથી પણ ગળ્યા;

ક્યાંથી હહે નીકળ્યા જોવા પસે આ બળ્યા.

મખ ધોળું બઉ પોળું દિલ ગોરૂં.

સીત સળા જાયસે ખરૂં, જાણું ઇના હાઠે મરૂં;

રાખવો મારે..................વાહ રૂપાળો.

પીટયા બીલડા આ બળ્યા ક્યાંથી મને તો મળ્યા;

વાલાને વીંટી વળ્યા ભુંડાઇના સે ભર્યા.

કરૂં એવું જોયા જેવું હલ હેવું;

સખિલાને સુણો કરૂં ધરજીને ધુણાં પડું દેવીને પારે. વાહ.

૫૬

આશાવ—રોકિ રહ્યાં છે આ રાની ભલે ભોગ લીયોને ભવાની. ટેક.
ભોળો બ્રાહ્મણુ આવી ચડયોછું અહીં.
કાંઇ ન રહી વાત સહી જાય ન કહી આ નહદા કેરી હાની. ભ.
હું સ્વપ્ને નથી સુખ પામ્યો જરી.
વિપતિ વડી વિવિધ પડી નહ્ટ નડી દેશે જગ્ત જુબાની ભ.
ભક્ષ અસુરને બદલે સુરનો કરી.
ખુશી જબરી ઉર ધરી પેટ ભરી કરજો દ્રષ્ટ કૃપાની. ભલે.

૫૭

કામકુન્ડલા—પ્રભુજી શિદ દીધો અવતાર આવા અધમ કુટુંબ મોઝાર. ટેક.
મન માન્યો કયાંથી મુજ મળશે મન ભાવન મહારાજ;
પતિવ્રતાના પદ લેવાનું કયાંથી સરશે કાજ. પ્રભુજી.
ગુણિયલ વરની ગોરી થઇને રહેવા રસીક સંધાત;
વખત વિકટ છે મુજને મળવો અંતરમાં ઉતપાત. પ્રભુજી.
ગણીકાનું બદ નામ ચીરે છે ચતુર ન વરવા ચ્હાય;
મૂરખ સાથે મગ્ન થઇને મુજથી નહીં રહેવાય. પ્રભુજી.

૫૮

આશુરી—જરી ન ગભરા તું બાઇ મારી ... ટેક.
તારા જેવી ભાગ્યશાળી જગતની માંહિ બાળી;
નથી મેં નીહાળી સહુ સુખ ધારી. જરી ન.
રૂપવતી તુંછે અતી ધરી રહી છે સુમતી;
જોઇ લાજે રતી ગતી કૃતી તારી. જરી ન.

કામાવતીનો નૃપતી ચાહે છે શુદ્ધ પ્રીતથી;
સાચું કહું સતી એ પતી તું પ્યારી. જવી ન.

કામકુન્ડલા — ૫૯

વિદ્યા વિનય દીયે છે વિનય થકી સુપાત્રપણું આવે;
પાત્ર થતાં વિત પામે વિતથી સુખ સુખ સુધર્મને લાવે.

માધુરી-- ૬૦

જનુની જણુતો ભાગ્યવંત મત જણીયો ગુણુવંત;
ભાગ્યવંતકે દ્વારપે લખો ખડે ગુણુવંત.

કામકુન્ડલા—; ૬૧

કામધેનુ સમ વિદ્યા અકાળ ફળદાયની સદા વિદ્યા
વિદેશ માતુ વિદ્યા ગુપ્ત ધરેલું અપાર ધન વિદ્યા.

કામકુન્ડલા— ૬૨

નૃપ વિદ્વાનની સાથે કદી તુલ્યના મહીં નહીં આવે;
નૃપને નિજ જન પૂજે વિદ્યાવાન સરવ જનને ભાવે.

કામકુન્ડલા— ૬૩

પતિ મારોરે (૨) પાસે સુગુણુ ધરણુ વીર;
શુભ શરીર ને રણુધીર પરમ પ્યારોરે ટેક.
નવ રસ સરમાં વિહાર વિવિધ કરણુ હાર,]
કામણુ મારોરે (૨) પતિ મારોરે.
ધરણુ તાનના વિધાન હરણુ તુંબુરનું માન;]
પ્રીય મનારોરે (૨) પતિ મારોરે.
કરં પ્રતિજ્ઞા ધારી પ્યાર શુદ્ધ મનથી સાર;]
મુજ વિચારોરે (૨) પતિ મારોરે.

કામસેન— ૬૪

અસંતોષિ બ્રાહ્મણ અતિ ભૂંડો, ભુંડો નૃપ સંતોષી.

લાજ વિના કુળ વનિતા ભુંડી સન્યાસી અતિ રોષી.

સામાન્યા ભુંડી જેને શીર શરમ સુંડી.

કામકુન્ડલા— ૬૫

હાંહારે જેણે પ્રેમ (૨) પૂરો ન પીછાણ્યો હો;

એતો અંધ સમો અકળાણો. ટેક

પૂરી છે પ્રીતિ કે સાવ અધૂરી;

જાણ્યા વિના મરે નાહક ઝુરી.

સાધુ કહેનાં તેને શાણો હો. [એતો અંધ.

અનમીલ મનથી મળવું ધારે,

જોર જુલમ કરવાનું વિચારે;

ફુટે પ્રીતિનો લઇ પાણો હો. એતો અંધ.

માધવ— ૬૬

પ્રતિદિન જય પામો સૂપને સિંધુ જામો;

કરિ સહુ શુભ કામો વિશ્વ માંહિ વિરામો;]

ધરમ ધુર રૂપાળી હસ્તથી હાથ ધારી;

વિજય ધ્વનિ વધારી હ્યો અનાથો ઉગારી.;

માધવ— ૬૭

શું ચીત્ર ચમત્કૃતી વાળું (૨)

તપચારીનું ધ્યાન તજાવણ;

ઘડિ ઘડિ પળ પળ નયને ન્યાળું

રસ ભરનાર રૂપાળું, શું ચીત્ર.

વિશ્રાંતિનો વખત વિચારી;
વિવિ ચીવકારે ભારી;
પરમ પ્યારથી પાંછી ધારી.
રંગ. ભરેલો ભાળું. શું ચીત્ર.

કામકુન્ડલા— ૬૮

મારૂં મન તુંથી લાગ્યું નથી બીજે લગાર (૨)
હુંછું તારી નારી તું મારો પ્યારો ભરથાર. ટેક.
પરમ પતિવ્રત પાળિશ પ્રીતે.
નહીં કરજે વ્હાલા ઉરે વિરૂદ્ધ વિચાર. મારૂં મન.
ઉંચ નીચ કુળ ભેદને ભૂલી;
મનની ઉમેદ પૂરી કર કામાવતાર. મારૂં મન.

કામસેન— ૬૯

તુજ મૂરખ કોટી ધિઃકાર. ( ૨ )
વ્યભિચારના વિચાર ઉર ધરે અપાર ટેક.
નીરખી નયન થકી રૂપવતી નારી નારી;
સાધુનો સ્વભાવ સહુ હાય ગયો હારી હારી.
થાવાને ખુવાર કરે ઉંધા ઉપચાર તુજ
અતિથી બનીને આવ્યો જેથી નહીં મારૂં મારૂં;
દરશન તારૂં હવે લાગે મને ખારૂં ખારૂં;
જા કહુંછું જાર મારા દેશથી બહાર. તુજ.

માધવ— ૭૦

હરી હરી અદ્દભુત મુજ તકદીર; ટેક.
અધ ઘડી નહીં આરામની આવી.

દેખ્યો ન દુઃખનો તીર. હરી હરી.
વાંક વિના વળગે છે બાધી અંતર થાય અધીર. હરી.
સ્થિર થવા સ્થાનક નથી મળતું ન મળે ધીરજ નીર, હરી.
શું કરવું કાંઇએ નવ સૂજે, સુન્ય વિચાર શરીર. હરી.

માધુરી— ૭૧

ઉભા રહો અતિ છોડો ઉતાવળ વાલા કહું એક વાત;
મનમાં ધારી વિનતી મારી ભેળા ચાલો ભ્રાત.
મુજ સરખી શાણી, તજિ અન પાણી; બેઠી આપને માટ;
નયનેથી જ્યારે નીરખશે. ત્યારે થશે નિરાંત.
જો નહીં આવો જોર કરીને, શાણા મારી સંગાત;
પાપમાં પડશો ક્ષણમાં કરશે, વનિતા વપુની ઘાત.

માધુરી— ૭૨

મારી સાથે ચાલો ચાલો ચાલોજી વહેલા આપ.

માધવ—જાવાદે જાવાદે જાવાદે જાવાદે જાવાદે જાવાદે.

માધુરી—.................................મારી સાથે.

માધવ—બ્રાહ્મણ પુત્ર છતાં સમજ્યા વિણ;
કેમ કરું વ્યવહાર હું આવો,

માધુરી—થાય અને બહુવાર થયા સહુ;
વહેમ વિચાર ઉરેજ સમાવો.

માધવ—કાળ વિરૂદ્ધ કદી નહીં થાય;
નથી દિલ ઊપર, કોઇનો દાવો.

માધુરી—પ્રીતિ માંહિ શાનો દાવો, વાહ, વાહ, વાહ.
આવું શું ઉરમાં લાવો વાહ વાહ વાહ,

માધવ—પ્રીતિ થાતાં, નિતિ જાશે;
માધુરી—..........................મારી સાથે.
માધવ— ૭૩
બસ કરો નહીં. પગ ધરો ભરાશો સ્વાસે;
નાહક કાયા સુંદરી, શ્રમિત અતિ થાશે.
ઓ કામના કોમળ કાય તાહારી કલિત લલિત ભાસે;
કામકુન્ડલા—શ્રમ આપ કાજ વેઠવો કામછે મારૂં;
તન મન ધનના અધિકારી આપને ધારૂં;
મરતીતી મોહન પૂર્ણ દરશની પ્યાસે;
માધવ— ... ... ... ... ... ... ... ... ઓ કામની.
મુગ્ધા તુજ મીઠાં વેણ મને અતિ લાગે;
બોળા અંતરને ભરે રસીકડી રાગે.
કામકુનલા—બોળા મુજ રહો, ભાગ્યમાં હરોજ હુલાસે.
માધવ—..........................ઓ કામની.
કામકુન્ડલા—કરૂં સત્ય પ્રતિજ્ઞા કસમ ખાઉં આવારે;
તમ વિના પુરૂષ જગતમાં ભ્રાત સમ મારે;
માધવ—બસ ખરી તાહારી ટેક આવ મુજ પાસે. ઓકા.
માધુરી— ૭૪
ઉડ મધુકર મમતા મુકી માનિ વચન શુભ મારૂં;
ઇર્ષા થશે અધમ કુંભીને, નાહક કરશે ન્યારૂં.
તારૂં કમળ પ્યારૂં અંતે થાવાનું તારૂં;
કામકુન્ડલા— ૭૫
નહીં રાખશો જરાય શંકા મારી પ્યારા.
મારી પ્યારા મારી પ્યારા મારી પ્યારા. હો નહીં.

સમરણ શુદ્ધ દીલેથી કરીશ હું,
કરી નેહો ન્યારાં ન્યારાં ન્યારાં ન્યારાં. હો નહીં.
સ્વેત વસન ધરી રહીશ સદા હું;
કરી સુખ ખારાં ખારાં ખારાં ખારાં. હો. નહીં.
પાપીના ભયથી નહીં ડરું પ્યારા:
સાચું પતી મારા મારા મારા મારા. હો નહીં.

૭૬

માધવ—ભારે છે ભરોસો મુને તારો ભામરે;
તારો ભામ તારો ભામ તારો ભામરે. ટેક.
દારા ડગીશ નહીં તું દુઃખ વખતે;
સહુથી સુભાગી થયો તારો સામરે. ભારે છે.
મારે પણ તુજ વિકટ વિરહમાં;
સહુ સુખ આજ થકી છે હરામરે. ભારે છે.
સ વિનય નમન સ્વિકારજે મારું;
કામકુન્ડલા—પ્યારા આપને મારા છે પ્રણામરે. (૩)
માધવ— ... ... ... ... ... ... ...ભારે છ ભરોસો.

## અંક ૩ જો,

માધવ— ૭૭

દયાળ મુજ દારા દીજીએં,
માગું સદાય ધરી પ્યાર;
ઉમા ભરથાર, જગતનો તું કરતાર,
ભગત સુખકાર, અધમ ઉધાર. દયાળ.
છું ડૂબેલો દુઃખ સિન્ધુમોઝાર,

કર ધારી મુને ત્રિપુરારિ તાર;
મુજ વધુ વદનીનો વર વિહાર,
નથી અંતરથી અળગો લગાર;
તું કષ્ટ વિભંજન છો કૃપાલ.
હરી ઉર સાલ દયાલ, દયાલ દયાલ. દયાળ.

વિક્રમ— ૭૮

જયદેવ જયદેવ જય ઉમાયા સ્વામી. હર (૨)
અનુપમ અગમાગામી, બળધર બહુ નામી. જય.
સ્વર્ગ મૃત્યુ પાતાલ ઉત્પતિ સ્થિતી લયના હર (૨)
અધિપતી આપ અમર અજ અજય અને જયના. જ.
સ્વયંભુ સુખકાર સદૈવ સ્વ પ્રકાશી. શીવ (૨)
આદ જગત પહેલાના અક્ષત અવિનાશી. જય.
સારદ શેષ રમેશ નારદ ગુણ ગણતા નિત્ય (૨)
બ્રહ્મા ભવ્ય ગોરાંપી ભાવે યશ ભણતા. જય
પાર ન પામે કોઈ અદભુત તુજ શકિત શીવ (૨)
વિવિધ વિધા નહીં જાણી કરો ભાવે ભકિત. જય.

વિક્રમ— ૭૯

શું કરૂં જાઉં કો પાસે, નથી રામ ધરા પરે;
કાન્તા વિરહનાં દુઃખો, જાણેછે એક ઐશ્વરે.

વિક્રમ— ૮૦

ગુણને જાણે વિરલા, નિર્ધન સંગે નેહ કરે વિરલા;
રણમાં ધારા વિરલા, પરદુખથી દિલ દુઃખી થતા વિરલા.

વિક્રમ— ૮૧

દુઃખ હરૂં (૨) આ વિરહીના ઉરનું તમામ. ટેક.
મુજ નગરી ઊજેણી તણી માંય,
સહુ સુખીયાં જણાય, એવું ધારૂં મનમાંય.
એશું વ્યર્થ ગણાય, ગજબ કહેવાય;
કોઇ દુઃખીયો રહે જો અહીં. દુઃખ હરૂં.
પરદુઃખભંજન મારૂં રાજ, જો ન કરૂં એનું કાજ;
તો હરામ સુખસાજ, એવી પ્રતિગના આજ,
લઊંછું આવાર એની શોધ કરૂં સત્વર દુઃખ હરૂં.

વિક્રમ— ૮૨

ન થાય ન થાય ન થાય (૨) મુજ વેચુ ખોટું;
બહુ દુઃખ મોટું, આ શરીર છો તજાય.
ફરૂં સર્વ ત્યાગી સુખ ભલી ભાત વેઠું ભૂખ.
૬૮ ટેકે ધરૂં, પુરૂં કામ કરૂં, ફરૂં પાછો નહીં જરાય. ન થાય.
પરદુખ:ખહારી મુજ નામ, કરૂં નાંહી કદી બદનામ.
સઘ શોધી કરી આપું સુખ ભરીતો જન્મ સફળ ગણાય. ન થાય.

દેવીઓ— ૮૩

ચાલો ચાલો સહું સખીયો સ્નેહે મળીરે.
અતી આનંદનો અવસર આજ;
રંગે રમીએ રસીલા લઇએ રાસડારે. ટેક.
આપણને અનુરાગથી, અનુકુળ કરવા આપ;
બ્રાહ્મણ પાસે ભાવથી જબરા જપવે જાપ.

પૂરપતી તણી, મતીમાં રતી અતીરે;
આપે ભાવ ધરી, ભલા ભલા ભોગ.........રંગે રમીએ.
દેખાયેનાં દ્રષ્ટિએં, દુઃખી કયાંઇ દિન લોક;
સમૃદ્ધિ વાન જણાય સહુ, સ્વપ્નમાં નથી શોક;
આખી ઉજયનીમાં આનંદના ઉમરારે;
નથી રતીએ જણાતો, કયાંએ રોગ............રંગે રમીએ.
કેસર કુમ કુમ કંજ કલી, કલિત લહી કરમાંય;
પૂજે પૂરા પ્રેમથી સ્નેહે જન સમુદાય.
શ્રદ્ધા વાળા સાહુ કારો, સાચા ઉરથીરે;
હર્ષ ધારી કરે હવનો હરોજ..................રંગે રમીએ,
સોપી અગ્નિ લગ્નિથી, પાવસ પૂર્ણ સુહાય;
શીતળતા સર્વે સ્થળે, જમની જગતી માંય.
મોટા મેઘ વાળી, રાતો રળીઆમણીરે;
સહુ કરો મન ગમતી મોજ...................રંગે રમીએ.

વિક્રમ— ૮૪

આનંદ ઉર ન સમાયે, સુણી ખબર આ આનંદ (૨)
ખબર વિનાનું ટળ્યું, રખડવું ખોટું;
વિણ શ્રમ કારજ સધાયે. સુણી ખબર.
મટયું દુઃખ વચન મયાનું મોટું;
થાકેલો જીવ સ્થિર થાયે. સુણી ખબર.
બીડું ફેરાવું બહુ વાર નગરમાં;
જેથી સઘ જાહીર જણાયે. સુણી ખબર.

ઢંઢેરો ફેરવનાર— ૮૫

કોઇ બીડું ઉઠાવો, આવીને મેદાન.
આવીને મેદાન, લેવા રાજાનું માન. ટેક.
વામા વિયોગી, આવ્યો આ નગરમાં;
શોધી એને લાવો, કે બતાવો એનું સ્થાન. કોઇ.
પર દુઃખ ભાગવાની ભુપને પ્રતિજ્ઞા;
તેથી દેખી દુઃખીઆને થાયછે હેરાન. કોઇ.
લાખ અશરફીનું, આનું ઇનામછે;
કીરતીની સાથે, કોઇ થાઓ ધનવાન. કોઇ.

દેવદમણી— ૮૬

શું છે આ બહુ હેલા હેલકાં;
નહીં લવ લવ કરો રેહો લ.ઈ.
ગાંડા બની રહ્યા શું ગાઉં.
સાંભળવા આપોતો સારૂં.
માનો વેણ તમે કાંઇ મારૂં;
હઠો કરોમાં હાઉ, હ.ઉ, હાઉ.
બસોમાં ઝાઝું, ભાઉ, ભાઉ, ભાઉ;
માગે જરૂરછે........શું છે આ.

દેવદમણી— ૮૭

પલમાં પકડી લાવુંરે, હું પલમા પકડી લાવું;
નૃપની ટેક નીભાવુંરે, હું પલમાં પકડી લાવું.
મહા ભારત શું કામછે મોટું, મારે મન આમાં નથી કાંઈ.
નંતર ધરીને જાઉંરે, હું પલમાં પકડી લાવું.

હોય કદી પાતાળે પેઠો અને ઉડતો હોય આકાશ.
અધ ઘડીમાં લઇ આવું રે હું પલમાં પકડી લાવું;
મંત્ર સીદ્ધિ મારીછે મોટી, જાહીર જાણે સારી જહાંન;
દેવદમણી કહેવાઉં રે હું પલમાં પકડી લાવું.

સાધુમંડળ— ૮૮

માર. અલખને દરબાર મળજે, જતી સતી હોઇ;
બસે પાપી મળો પચાસ નુગરાં મળો મતી કોઇ.
પાપીને પરમોદતાંરે. પત પોતાની જાય;
ટપલા સરાણે નાખીયે, પણ કાચ હીરો નહી થાય. મળજે.
અડદ ન થાયે ઉજળા રે છો રહે ચાવલ સંગ;
કાળી ઉનને કુડા જનને ન ચડે બીજો રંગ. મળજે.

૮૯

આખી—આગે ચલેઉ બહુરી રઘુરાયા રામા ભજુ રામા;
રૂખી મુખ પરબત નિયરેઉ આયા રામા ભજુ રામા.
તહાં રહે સચીવ સહીત સુગરીવા રામા ભજુ રામા;
આવત દેખી અતુલ બલ સીવા રામા ભજુ રામા.

આધવ— ૯૦

મમ પ્યારી પ્રેમદા (૨) છોડીને હું તો આવ્યો છેક વિદેશ;
મનુંહારી સુખકારી જઉં વારી મમ પ્યારી પ્રેમદા.
નવલ નવોઢા દરસારા મારે હ્રદય વસી છે વાસ;
એક ઘડી અળગી નથી પણ અંતર થાય ઉદાસ.
મનુંહારી સુખકારી.
રખડું રાન હેરાન બનીને તોપણ તેનું તાન;

રોમ રોમ રમી રહી રસીલી ગાઇ મધુરૂં ગાન.
સુખ સાધન શ્રી હરીએં કીધાં આ દુનીયામાં અનેક;
મુજ કારણ તો કલપી રાખી કામકુન્ડલા એક.

મનુંહારી સુંખકારી

માધવ— ૯૧

કેજેરે વાદળી વાત પ્યારીને પ્યારીને પ્રીયા મારીને. ટેક.
તુજ વિણ માધવની ગતી એવી જળ વિણ મીનતણી ગતિ જેવી.
રહેજે સદા મન મારીને.......... ............. કેજેરે.
સાર મણી વિણ વાસુકી જેવો માધવ તુજ વિણ આ ઘડી એવો.
હૃદયની હિંમત હારીને......... ............. કેજેરે.
પળ પળ પ્રાણ કરે છે તૈયારી મળવા આશે રાખું વારી;
આનંદ સર્વ ઉતારીને. કેજેરે.

૯૨

માધવ—પ્યારા પ્રાણ આધાર (૨) વાંચો મુજ નમસ્કાર;
મારા હૃદયના હાર. ટેક.
આપ ગયા પછી એક ક્ષણ રહી નથી સુખમાં લીન;
તલપુંછું તલપે પડી જેમ વારી વિણ મીન. પ્યારા.
ચાહું અહનીશ આપની કાન્ત સદા કુશળાત;
માગું માથાના મુગટ, હરી પ્રતિ જોડી હાથ.;
લખતાં લેશ ન આવડે, વામા વિનય વિહીન
રસીક ન ધરશો રીસ, ઉર દેખિ મને અતિદીન. પ્યારા.

માધવ }
મયંક } ૯૩

પકડોમાં વિણુ પાપ, અમોને પકડોમાં વિણુ પાપ;
છે ન્યાઇ વિક્રમ બાપ, અમોને પકડોમાં વિણુ પાપ:

દેવદમણી—લેશ નહીં ઉરમાં ગભરાઓ, સાથે હું છું સાવધ થાઓ.
દેખી સિપાઇ નહીં ડરપાઓ. નથી તમો પરકોઇનો દાવો.

મયંક—ફરેબની વાતો કરી ઠીક ફસાવોછો.
રોવરાવતાં અમાફ ઠીક હસાવોછો.
ગમાર ગણીને ઠીક બસાવોછો;
નિત્યનો આનંદ ઠીક નસાવો છો.

દેવદમણી—સહુ વ્યર્થ તજો પરિતાપ, તમો સહુ વ્યર્થ તજો પરિતાપ.

માધવ }
મયંક } ..............................પકડોમાં વિણુ પાપ.

કાળી અંધારી આ રાત છે માંડી, કહો અમારૂં શું કામછે માડી.
અમે તો આવવા હા નહીં પાડી, ખેંચી લીયો બલે મારી પછાડી

દેવદમણી--દુધના દાઝેલા છાશથી ઠીક બીઓછો;
છોટી વાતને ઠીક મોટી કરી લીઓછો.
વામાના વિયોગી હોય અબુધ;
વિક્રમે મોકલીછે લેવાને શુદ્ધ.

માધવ } કહો ક્યાં લઇ જાશો આપ, ચાલો કહો ક્યાં લઇ;
મયંક } જાશો આપ......................પકડોમાં વિણુ પાપ.

૯૪

વિક્રમ—સમજ વિનાની છે યારી આ તારી સમજ વિનાની
છે યારી આ તારી..........................ટેક.

ભાઇ તું બ્રાહ્મણ શ્રેષ્ટ સરવથી.
ગનીકા એ છે નારી નહારી.................સમજ.
ભોળા ગયોકાં ભમાઇ સ્વરૂપે.
વરણાશ્રમની વાત વિસારી.................સમજ.
ભૂલો જાવાત એ ભ્રષ્ટપણાની;
શ્રેષ્ટ તને પરણાવું હું પ્યારી.............સમજ.

આશ્રવ— ૯૫

મને મહારાજ ન તાવોરે ( ૨ )
બનિ એકોક્ષું હુંતો બાવો.....................ટેક.
જવ પ્રેમ પૂરી રીતે જોડયો વરણાશ્રમનો પડદો તોડયો;
તન મનનો ગરવ સરવ મોડયો પછી ઉરશું અભાવોરે
કરે પછી ઉરશું અભાવોરે...............મને મહારાજ.
મન મસ્ત થયું મનહરવાંસે, તિલભર નથી મૃત્યુથી ત્રાસે.
બ્રહ્માંડ બધું પ્રીયમય ભાસે શું બાકી બતાવોરે.
રહ્યું શું બાકી બતાવોરે. મને.
એ નવરાવે તો ન્હાવું છે, એ ખવરાવે તો ખાવું છે.
એ ગવરાવે તો ગાવું છે, તમો શા કાજ સતાવોરે.
તમો શા કાજ સતાવોરે. મને.

વિક્રમ— ૯૬

જગતથી ઉલટા જોયા પૂરા પ્રેમી;
પ્રીતી સમરે ઝુઝે સાચા શૂરા પ્રેમી.
નથી ખાતા નથી પીતા છતાં જીવે;
કરીને કાળથી કુરતી પૂરા પ્રેમી.

નહીં દરકાર રાખે કોઇની દીલમાં.
કરે જગમાં જબર જરની પૂરા પ્રેમી;
છતાં ગુણવાન મૂરખમાં ગણાયે છે.
ખરૂં સુખ ખલકનું ખોતા પૂરા પ્રેમી;
નથી સોતા નથી જોતા કદી આંખે.
ભરી આંસુ ઘટા રોતા પૂરા પ્રેમી;
નહીં ઉર હાની કે શુભ લાભની ગણુતી.
સુધા વિષ સાથ આરોગે પૂરા પ્રેમી.
સ્વર્ગને નર્કને સામાન્ય ગણનારા;
રહે રાતે વિરહ રોગે પૂરા પ્રેમી.

વિક્રમ— ૯૭

અતી ગુપ્ત રીતે જઇ જોઉં ગામ,
મળું માધવાની પ્રીયાને મુદામ;
કરૂં હું પરિક્ષા પૂરા પ્રેમના,
કસોટી કરૂં એ ત્રિયાની તમામ.
મરે માધવો કે ઉભય એક રીત;
વિસોકી હું પામું ત્યારે વિરામ.
સુખો કે દુઃખો હર્ષ કે શોકમાં.
ભજે એકને કે પ્રપંચી પ્રણામ;

કામકુંડલા— ૯૮

પતી મારા પ્યારા પ્યારા પતિ મારા;
પતી મારા પ્યારા પ્યારા રે દ્રગ તારારે. ટેક.
અહીં આપ વિનુ એકલી, પ્રીતમ પામું દુઃખ;

વ્યાધિ વધતી જાય છે સ્વપ્નમાં નથી સુખ. પતી.
ચતુર ચકોરી ચંદ્ર વિણુ, ઉરમાં જેમ ઉદાસ.
અરે ઉદાસી એમ હું આપ દરશનની આશ. પતી.
વપુ નગરમાં વાલમા, રતિ પતિ કરતો રાજ;
વિજય લીયો એ વીરથી, આપ પધારી આજ. પતી.

કામકુન્ડલા— ૯૯

સ્યામ વિના સુખ લેશ ન સજની; ક્લેશ ભરી છે કાયા.
દેખી શકું નહીં દિન કે રજની; ગાંડી કરૂં ગુણ ગાયા.
મનહરણી માયા, નાખે છકની ઉર છાયા. મનહરણી માયા.

માધુરી— ૧૦૦

આમકાં બની ગઇછે બાવરીરે બાઇ;
વ્હાલીજો વિચારી, જરા વાતરેજી.
ખાતી નથી પીતી નથી ખંતથીરે બાઇ;
રૂદન કરેછે દીન રાતરેજી.
રૂધીર સુકાણું સહુ, અંગથીરે બાઈ;
નથી ક્યાંઇ માંસ તણો અંસરેજી.
ખાસ નાથ ભેટવાની આશથીરે બાઇ;
હાડ પીંજરામાં રહ્યો હંસરેજી.
જોઇ મેં વિયોગીણી ઘણી સ્ત્રીઓરે બાઇ;
આતો સહુ અદભુત ચીત્તરેજી.
બાળિ નથી એ ભુમી તણી પીઠમાંરે બાઈ.
પ્રાણ લાગવા લગીની પ્રીતરેજી.

કામકુન્ડલા— ૧૦૧

પ્રાણુનો અંદેશો નથીરે, મને તો મારા પ્રાણુનો અંદેશો નથીરે. ટેક.

જાય ભલે પણ જોઇ પ્રીતમને;
એજ વિચારે મરૂંછું મથીરે. મનેતો.
જાતાં જાતાં જીવડો જુએ નાથનું મુખ;
શાંત થઇને સ્વર્ગમાં તો, હું પામીશ સુખ. પ્રાણુનો,
મળ્યા વિના મરી જાઉંજો, તો તું મારી માત;
કહેજે મારા કાન્તને, વિયોગ દુઃખની વાત. પ્રાણુનો.

કામસેન— ૧૦૨

તું મને હવે તો, હઠીલી સ્વીકાર (૨)
જરાવાર કહે મને ભાવે ભરથાર... ... ...હવેતો હઠી.
તન મન ધન અરપણ કરૂં તુજને;
તારા વિના અન્ય, પ્રેમદાનો છોડું પ્યાર......હવેતો હઠી.
તું છું મારી પ્રાણ પ્યારી, તારા પરેં જાઉં વારી;
કરશું લાચારી બની, આજાર, આજાર. ... હવેતો હઠી.

કામકુન્ડલા— ૧૦૩

નથી કરતો કાં વિચાર (૨) નહીં સાર;
સતી નારીને પીડયામાં, પાપી નીકળે લગાર. નથી.
એહીશું માધવ પતી ધારી, અન્ય પુરૂષ કાઢું ધિઃકારી.

કામસેન—માધવને ધારી પતી, સદાય તું રહેજે સતી;
તારી રતી કરૂં છતી, બનાવી લાચાર.

કામકુન્ડલા— .............................. નથી કરતો.

વિક્રમ— ૧૦૪

ભૂલ કરીમેં ભારી, હરી આંહી આવી ભૂલ કરીમેં ભારી.
પ્રેમના રૂપની કરતાં પરિક્ષા નાહક ગુમાવી સતી નારી. હરી આંહી.
પરદુઃખ ભંજન પદ લેતાં, બન્યો પરદુખ પ્રદ પદ ધારી. હરી આંહી.

અવર કસોટી થતાં નહીં અટક્યો, આઘો હું ગાલ્યો અનાડી. હરી.
પાપનો પોટલો મોટો પડ્યોશીર, જાઉં ઉતારે ઉપાડી. હરી આંહી.

માધવ— ૧૦૫

ધીર જરી ધરી જાતી નથી ઉર (૨)
ધનન ધનન ધન, ગરજે વરસે... ... ... ...ધીર જરી.
આહ ભરી ચલકે ઝલકે, ચપળા નભમાંહિ સમાતી નથી.
દાદુર ચાતક મોરની વાણી, ખડગ સમાન ખમાતીનથી. ઉર.
વાહાલી વિના સહુ વિરહ વેદના કોઇકને કહેવાતી નથી;
જલમય ધરણી ઉર અગ્નિમય, સમય પીડા સહેવાતી
નથી ... ... ... ... ... ... ... ઉર ધીર જરી.

૧૦૬

વિક્રમ—મારી પ્યારી તારી કસોટિ કરતાં પ્રેમતણી પૂરી;
હું પાપી પસ્તાઉં, સ્વર્ગ મહીં સતિ સાંધાવી એ શૂરી.

કામસેન— ૧૦૭

કોઇ જાઓ લઇ આવો એ નારી (૨)
પળ પળ નથી કળ અતનનં અતી બળ;
આજારી લાચારી ગમ ન્યારી, છે ભારી. જાઓ.
મનાવી નથી મનાતી લોભે નથી લલચાતી;
અતી દુઃખી થાતી રહી માધવને ધારી;
હું સદાય મનહરણી માથે મરૂં સરવધારી.
ધન મનમાં ન ધારી કાઢે છે મને ધિઃકારી. જાઓ.

કામસેન— ૧૦૮

અપરાધ ક્ષમા કર મારો છું અપરાધી હું તારો;
દુઃખદ દુઃખો મેતો દીધાં છે હા! હા! તને હજારો.

યાદ કરીશ જો તું અંતરમાંનો નથિ એકે આરો;
વિનય હીન હોયે વ્યભાચારી એમ વિચારે વારો.
પાપ તરફ પુત્રી નહીં જોજે ગણિ મુજને પિતુ પ્યારો
અપરાધ ક્ષમા.

કામકુન્ડલા— ૧૦૯

કરો નહીં આપ આમ દિનપણું અતી;
ગણું નહીં બાપ પાપ હું તમારૂં રતી. કરો નહી.
સુખ દુઃખ સહી લેવાં સહુનાં સંચીત જેવાં;
કરે કરતાર નિત્ય કરમ પ્રમાણે ગતી. કરો નહીં.
સુબુદ્ધિ થતાં તમારી ઉપાધિ જશે અમારી.
શ્રીપતી સુધારી રાખે સદાય તમારી મતી કરો નહીં.

કામસેન—ચાલ ઉમંગે બાહા રંગે મિલાઉં તારા પ્યારા સંગે;
કામકુન્ડલા— કરો નહીં.
સ્ત્રીઓ— ૧૧૦

રસિયા સંગ રામા રાજે બેન આનંદનો દિન આજે છે;
મુદ મંગળ વાજાં વાજે બેન આનંદનો દિન આજે છે,
નૃપ વિક્રમ પૂર્ણ પ્રતાપી બેન આનંદનો દિન આજે છે.
એણે કાદયાં દુઃખ તરૂ કાપી બેન આનંદનો દિન આજે છે.
અતિ આનંદી કામાવતીનો પતી;
આપા શ્રીહરીએ ઉરમાં સુમતી;
ચક્રવતિનું વેણ રિતકારી કરી.
કામકુન્ડલા આપી આનંદ ધરી. રસિયા.

૧૧૧

માધવ } —આશિષ છે અમારી આનંદે રહો આપ;
કામકુન્ડલા }
અચળ કરી કીરતી અચળામાં;
પામો પૂરણ પ્રતાપ. આશિષ.
દેશ દેશમાં વિશેષ પ્રેમનો કરો પ્રવેશ;
નિજ તનથી, બહુ ધનથી, શુદ્ધ મનથી, જન ગનથી.
દેખી દિન દષ્ટ હરો સહુ કષ્ટ;
ભુમી થકી ભ્રષ્ટ, નિત્યે કરો નષ્ટ. આશિષ.

સર્વ પાત્રો—પ્રેમી જગમાં જીવો. ટેક.
જગત જંજાળને, જાળવાનો જબર;
દેવ અંશી રૂડો અડગ દીવો. પ્રેમી.
લોભ હીન ક્ષોભહીન રોષ હીન દોષ હીન.
પ્રેમ વિયુષ રસ સદાય પાઇ જેહને પીવો.
પ્રેમ વિયુષ રસ સદાય પાઇ જેહને પીવો.
પ્રેમ વિયુષ રસ સદાય પાઇ જેહને પીવો.

સમાપ્ત.

# જાહેર ખબર.

અમારે ત્યાંથી નીચે લખેલી ચોપડીઓ મળશે

| | |
|---|---|
| [illegible]મણના ઓપેરા | ૦—૨—૦ |
| કુમુદ-ચંદના ઓપેરા | ૦—૨—૦ |
| લાલખાની લુચ્ચાઈના ઓપેરા | ૦—૨—૦ |
| માધવ કામકુંડલાના ઓપેરા. | ૦—૨—૦ |
| હરીશ્ચંદ્ર નાટકના ઓપેરા | ૦—૨—૦ |
| કામલતા સ્વયંવરના ઓપેરા. | ૦—૨—૦ |

ઉપર મુજબ ચોપડીઓ નીચે લખેલ ઠેકાણેથી રોકડી કીંમતે મળશે.

૧ વાંકાનેર વિદ્યા વર્ધક નાટક કંપનીમાંથી.

૨ હકીમ જેઠાલાલ ખીમજી વઢવાણવાળા મુ. વીરમગામ.

૩ મોરબી ભટ કાબા જીવણ પાસેથી.

શુકલ ભાઇશંકર વેલજી.

તથા

દેરાશ્રી રાજારામ શીવશંકર

વાં. વિ. ક. ના મેનેજર